Walks, n. ઝાડના છાયા નીચેનો રસ્તો. Avenues, 'sq¶ed

Soft, ad. ધીમે ધીમે. Gently.

Foot-step. n. પગલાં. Mark of a foot.

Antique, a. અસલી, પ્રાચીન કાળનું. Old fashioned, L. ante before.

Dial stone, n. તકતી. શકુયંત્ર. An instrument for showing the time of day by the sun's shadow L. dies a day.

Creeping, a. હલવે હલવે ચાલતું. Moving slowly, L. repo, I creep.

Drowsy, a. સુસ્ત. Dull.

Radiance, n. તેજ, પ્રકાશ. Brilliancy, splendour L. radio, to radiate.

Cast, v. નાખ્યું. Threw.

Busy life, ઉદ્યોગી માણસો. Men who are always engaged to their duties.

Save, prep. સીવાય. Except.

Cloister, n. મઠ. Convent. L. claudo I shut

Dim, a. અસ્પષ્ટ, ધીમો. Faint.

Tinkling, n. ખણખણાટ અવાજ. A sharp clinking sound.

Sisters, n. મઠમા રેહેનારી સ્ત્રીઓ. Nuns.

Hymn, n. ભજન. A divine song, anthem L. hymnus from Gr. hydeo to celebrate.

Noble, a. ઉંચા કુળની. Of high birth L. nobilis from gnosco to know.

Prospects, n. દેખાવો. Views, scenes, L. pro forward and specio to look.

Little recked they, મુદલજ વીચાર કીધો નહી. They thought very little.

Vesper prayers, સાંજની પ્રાર્થના. Evening prayers.

Shrine, n. પવીત્ર જગા. Sacred place. L. scribo I write.

Descent, n. વંશ. Lineage, L. de down and scando I climb.

Calmly, ad. સંપથી. Peaceably.

Flew on, v. વહી ગયા. Passed on.

Gay, a. આનંદી. Merry.

Courtiers, n. દરબારીઓ. Nobles, L. cohors a cohort from cors cortis a cattle yard.

Throng, v. એકઠા થાય છે. Gather.

Kindles, v. ચળકે છે. Glitters with joy.

Ween, v. ધારૂં છું. Consider, think.

Grace, n. માયા, મેહેરબાની Kindness, favour. L. gratus thankful.

Chivalry, n. બાહાદુરી. Boldness, gallantry, Fr. cheval a horse L. caballus.

Bask, v. આબાદાનીમાં દીન ગુજારે છે. Enjoy ease and prosperity.

Effulgent, ભપકાદાર. Splendid L. e, out and fulgeo to shine.

In the light of youth. જુવાનીના બાહારમાં. In prime of youth.

New made bride, નવીજ પરણેલી. Newly married.

Homage. n. માન, રાજવદન. Reverence L. homo a man.

Thousand hearts. હજારે માણસો. Thousand men.
Charms, n. મોહિનિ. Those which captivate a man's heart L. carmen a song from cano I sing.
Lighten, v. પ્રકાશીત કરેછે. Give brightness.
Mantle, v. તેણીના ગાલપર ફેલઈને ગુલાબી રંગથી ઢાંકી નાંખે છે. Rush to the face and cover the cheeks with crimson colour.
Sparkle, v. ચળકેછે. Glitter L. spargo to throw here and there.
Bespeak, v. આગળથી નીશાની બતાવેછે. Betoken.
Bark, n. નાનું વાહાણ. A small ship.
Held its way, આગળ ચાલ્યું. Proceeded on its way.
Lee, n. પવનની સામેની જગા. A place in the ship defended from the wind.
Fast receding, જલદીથી જતી. Quickly retiring L. re back and cedo I go.
Marvel, n. અચરત. Wonder, L. miror to wonder.
Wept, v. રડી Cried.
Amends, બદલો. Compensation. L. a from and menda a stain.
Tranquil, a. સંપવાળુ, શાંતીવાળુ. Peaceful.
Hushed, a. શાંત. Silent.
Repose, n. ચેન, મનનુ સમાધાન. Peace. L. re and pono I put.
Splendours, n. ઠાઠમાઠ, શોભા. Pomp, magnificence L. splendeo to shine.

Home, n. વતન, દેશ. Kingdom.
Romance, n. જોડી કાઢેલી મનોરંજક વાર્તા. Any fictitious and wonderful narrative L. Romanicus Roman.
Ominous, a. અપશકુન ભરેલું, અશુભ. Portentous L. os, mouth.
Adieu, interj. છેલ્લી સલામ. Farewell.
Unconscious. a. અજાણ્યા. Insensible. L. un not and scio to know.
Eve. n. સાંજ. Evening.
Raw, a. ટુંડી. Chilly.
Surly, a. તોફાની ભરેલી. Tempestuous.
Mood, n. રીત. Manner.
Turret-chamber, n. મિનારો. Room of the small tower, L. turris a tower.
Suit, inf. લાયક થવાને. Fit L. sequor I follow.
Stormy, a. ગભરાતી. Agitated.
Uncertain, a. ભમતું. Uneven. [concern.
The touch of care, કાળજીની સેજ લાગણી. A little
Blanched. v. ઉજળા કરી નાખ્યાં, લાલી ઉતારી નાંખી. Made pale Fr. blanchir. blanc white.
Traitors, n. રાજદ્રોહી, દગાખોર. Those who are guilty of treason *i.e.* those who try to overthrow Government, L. trans over and do, to give.
Councils, n. રાજ કારી બાબતની મસલત કરનારી મંડળી. Assemblies called together for advice L. con and cieo to move.

Rebels, n. બળવાખોરો. Those who wage war against their government. L. re and bellum war.

The Stuart sceptre, n. સ્ટુઅર્ટનુ રાજ. The Stuart dominion. L. sceptrum, sceptre.

Swayed, v. ચલાવ્યું, રાજકીધું. Ruled, directed.

But the sword she could not wield. પણ લડાઇ કરી શકી નહીં. She could not wage war or draw sword against.

Blighted, a. નીષ્ફળ થઇ ગયેલી, ભંગ થઇ ગયેલી. Withered, frustrated.

Lute, n. સારંગી. A musical instrument resembling a guitar.

Minstrel. n. ગવૈઓ. A songster, a bard. L. minister one who serves.

Perchance. ad. કદાચ. Perhaps. L. cado, I fall.

Gallant, a. બહાદુર. Brave. Fr. gala show.

Beguiled, v. વીસરાવી નાંખ્યું. Cheated, eluded.

Soothed her into smiles, ધીરજ આપી હસાવવું હતું. Consoled and pleased her.

Bigot, a. હઠવાળી. Obstinately and blindly attached to one thing.

Zeal, n. હોંસ, આતુરતા. Ardour, anxiety.

Domestic. a. ઘરખટલા સબંધી. Pertaining to a house. L. domus a house.

Broils, n. કંકાસ. ખટપટ. Disturbances.

Scowl, n. ઘુરકવું તે. The wrinkling of the brows in frowning.

Daggers, n. કટાર, ખંજર. A poniard, a short sword.

Ruffian, a. ઘાટકી. cruel.

Slain, v. મારી નાંખ્યા. Stabbed.

Trickling, p. pr. ટપકતાં. Running down in [drops.

Lonely, a. એકાંત. Solitary, unfrequented.

Isle, n. નાનો બેટ Island.

Baronial, a. મોટી પદવીવાળા માણસને લગતું. Pertaining to a baron.

Pile, n. હવેલી Edifice.

Stern, a. જોરાવર Stout.

Menacing. ger. ધમકી આપતાં Threatening. L. minor to threaten from mineo to jut.

Stoop, v. વાંકી વળી. Bend.

Traitorous, a. દગા ભરેલું Treacherous. L. trans over and do I give.

Scroll. n. કરારનામું. Parchment. deed.

Knights, n. સરદારો, બહાદુરો. Brave followers.

Parchment, n. કરાર નામુ. Deed, scroll. L. pergamena said to be from pergamos from having been invented there.

Aid my cause, ગાદીનો હક લેવાને, Support my right to the throne.

Remorseless. a. ક્રૂર, નિર્દય. Pitiless. L. re, and mordeo to bite.

Foes, n. દુશ્મનો. Enemies.

Tresses, n. બાળના ગુચ્છાં. Knots of hair, hairs formed into ringlets.

Host, n. ફૌજ. Army, L. hostis an enemy.
Banner, n. વાવટો. Standard.
Bore, v. લઇ ગયા. Carried.
Faithful, a. વફાદાર. Loyal, L. fides faith.
Read success, ફતેહ જોઇ. Saw success L. sub and cedo I go.
Flashing, a. ચળકતી. Brightening, glittering.
Tumult, n. ધામ ધુમ. Uproar.
Strife, n. લડાઈ. Conflict.
Strewn, p.p. વીખેરી નાંખ્યા. Scattered.
Defenceless, a નિરાધાર. Unprotected. L. de and fendo I strike.
Undone, p.p. હારેલાં. Defeated.
Laggard, n. રઝળી રઝળી ચાલનાર. Loiterer.
Block, n. મોહોટો પથ્થર. A heavy piece of wood or stone where a man is beheaded.
Sullen, a. ઉદાસ, ચીડાએલો. Gloomy, dismal.
Headsman, n. કતલ કરનાર. Executioner.
Gleamed, v. ચળકતું હતું. Flashed.
Drip, v. ભીંજાય. Drench.
Steady, a. મજબુત. Firm.
Breathless silence chained the lips of all. સઘળાના મોઢા ચુપથી બંધ થઈ ગયા. All became deadly silent.
Touched, v. પીગળ્યાં. Moved.
Blighted, a. ફીક્કા થઈ ગયેલો. Turned pale.
Bloom, n. બાહાર. Freshness of youth, prime of life.

Offering. n. ભોગ. Victim. L. ob and fero to bring.

Faint, a. ઝાંખી. Dim.

Feeble, a. ધીમો, નરમ. Weak.

Thrilled. v. લથડતું હતું, Shivered.

Ringlets, n. ઝુલફાં. Tresses, curling of hair.

Symmetry. n. અંગસજોગ. Regularity. Gr. syn together and metron measure.

Mould. n. આકાર Form. shape. L. molo to grind.

Chant, inf. ગાતી. Sing. L. cano to sing.

Firmament. n. આકાશ. Heavens. L. firmus steadfast or strong.

Triple thrones, ઇંગલાંડ, સ્કોટલાંડ અને ફ્રાન્સનું રાજ. Thrones of England. Scotland and France.

Scaffold, n. ફાંસીના લાકડાં. A temporary platform for the execution of a criminal.

Bared. v. ખુલ્લી કીધી. Made open.

Moaning, v. વીલાપ કરેછે, રડેછે. Lamenting, crying.

Piteously, ad. દુઃખકારકરીતે. Mournfully L. pius pious.

Gurgles, v. ઘોંઘાટથી વહેછે. Gushes with noise.

Unheeded, a. ધમ ધોકાર. Disregarded.

Lapped, p.p. ચાટેલું Licked.

DEATH OF LITTLE NELL.

Beautiful, a. અતી સુંદર. Lovely.

Calm, a. શાંત. Tranquil, peaceful.

Trace of pain, દુઃખની નીશાની. Mark of affliction L. traho I draw.

Creature, n. આશ્રિત માણસ. Being L. creo I create.

(Was) dressed, v. શણગારેલું હતું. (Was) covered, decorated.

Patient, a. ધીરજવાળું. Enduring L. patior, I suffer.

The pressure of a finger, એક આંગલીનું દબાણ. The force of a finger, L. premo I press.

Would have crushed, v. દાબી નાંખે. Would have squeezed.

Stirring, v. અહીં તહીં ફરવું. Moving here and there.

Nimbly, ad. ચાલાકીથી. Actively.

Mute, a. ચુપ. Silent. L. mutus dumb.

Cares, n. કાલજી. Anxiety, concerns.

Sufferings, n. દુઃખો. Pains L. sub under and fero I bear.

Fatigues, n. શ્રમ. મેહેનત. Labour, L. fatigo, to weary.

Profound, a. અત્યંત. Deep, L. pro forward and fundus the bottom.

Repose, n. આરામ. Rest, L. re and pono I put.

Misery, n. દુઃખ, વેદના. Wretchedness, calamity L. miser wretched.

Furnace, n. ભઠ્ઠી. An inclosed fireplace for melting ores.

Angels, n. ફરેશતાઓ. Heavenly beings. Gr. anggello to deliver a message.
Majesty, n. દમામ. Pomp. L. magnus great.
Languid, a. નબળો. Exhausted, feeble. L. langueo to be weak.
Stretched out, v. લાંબો કીધો હતો. Extended.
Led him on, પકડી રસ્તે લઈ ગયો. Guided him to proceed.
Wanderings, n. મુસાફરી. Journeying.
Ever and anon, થોડે થોડે વખતે. Every now and then.
Hugged, v. છાતીએ દાબતો. Embraced fondly.
Murmuring, p. pr. ધીમે ધીમે બોલતો. Muttering.
Agony, n. મહાદુ:ખ. Extreme pain, anguish. Gr. agon a contest.
Imploring. p. pr. કાળાવાલા કરતું. Beseeching. L. in and ploro to cry aloud.
She was past all help, [તેણી એવીતો અવસ્થામા હતી (મરી ગયેલી)] કે કોઈ પણ માણુસ તેણીને કોઈપી તદબીરથી મદદ કરી શકે નહી. She was in such a condition that no human power could assist her.
Waving, v. તેજમાં ઓછાં થયાં. Becoming hideous and gloomy in their look.
Tended, v. જતી હતી. Attended to L. tendo I [stretch.
Gladdened, v. આનંદ પામ્યું. Rejoiced.
Trodden, v. ચાલી હતી. Walked over.
Gave his tears free vent, બહુજ રડયો. Cried much. L. venio I come.

Her young spirit has winged its early flight. જે દુનીઆમાં તેણીનો નાજુક અને જુવાન આત્મા ચાલી ગયો. To which her soul so young has departed so quickly.

Deliberate, a. આગળથી વીચારેલી. Premeditated. L de and libra, a balance.

Expressed. p. p. કહેલી. Said, L. ex and premo I press.

Solemn. a. ગંભીર. Serious. L solemnus solemn from solus all and annus a year.

Call her back to life, પાછી જીંદગીમાં લાવે. Resuscitate her.

The end was drawing on, આખેરી આવી છે. Death was at hand.

Day-break, n. સવારના પોહોરમાં. Dawn.

Hours crept on, કલાકો વહી ગયા. Hours passed away.

She sank to sleep, ઊંઘમા પડી. She slept.

Faintly, ad. ધીમેથી. Slowly.

Painful, a. દુઃખદાયક. Trying, afflicting.

Used them, v. વરત્યાં. Treated them.

Fervour, n. આતુરતા. Enthusiasm, warmth. L. ferveo to boil.

Wandered, v. બડબડયું. Raved.

Complained, v. વીલાપ કીધો. Repined. L. con and plango to strike.

Unaltered, p.p. નહી બદલાય એવું. Unchanged.

Earnest, a. ઉત્કંઠિત. Fervent.

Grateful, a. આભારી Thankful L. gratus thankful.

Faded, p.p. ફીક્કાં થઈ ગયેલાં. ચીમળાઈ ગયેલાં. Withered and pale.

Offering, n. ભેટ. Present L. ob and fero to bring.

Restored, ger. પાછું લાવ્યાનું. Returned L. re and sto I stand.

They let him have his wish. જેમ તેણે ચાહ્યું તેમ તેને બેસવા દીધી. They allowed him to do as he desired.

Stirred, v. હીલ્યો. Moved.

Favourite, n. માનીતો. Darling L. fœtus offspring.

Soothing, p. pr. શાંત પાડીને, દીલાશો આપીને. Calming, consoling.

Artless, a. ભોળી, નીષ્કપટી. Simple, sincere.

Persuaded, v. સમજાવ્યો. Induced, enticed. L. per and suadeo, I advise.

Abroad, ad. બાહેર Out.

Pleasure, n. સંતોષ. Satisfaction. L. placio I please.

Remorseless, a. દયાવગરનું, ઘાતકી. Merciless. L. re and mordeo I bite.

Toll, n. ઘાંટનો અવાજ. Sound of the bell.

Decrepit age, બુઢાં માણસો. The old men.

Decrepit, a. જર્જર, બુઢાં. Broken down. worn down, infirm. L. de and crepo to creak.

Vigorous, a તનદુરસ્ત Healthy. L. vigeo to be lively.

Vigorous life. તનદુરસ્ત માણસો. Healthy persons.

Blooming youth, જુવાનીમાં ખીલતાં માણસો. Young beautiful persons.

Helpless infancy, નાના બચ્ચાંઓ. Infants who are unable to stand by themselves L. in not and feri to speak.

Poured forth, ધસી ગયાં. Rushed forth in the procession.

Crutches, n. ટેકાઓ, હાથે ઝાલવાની લાકડીનો ટેકો. Staves to support old men in walking, supports. L. crux a cross.

In the full blush of promise, જુવાનીના બાહારમાં. In the prime of youth giving hopes for future help.

In the mere dawn of life, બચપણમાં. In infancy, in the beginning of life.

Senses failing, જેની બુદ્ધી કમતી થઈ ગયેલી. Whose intellectual powers becoming weaker owing to the old age.

Palsied, a. લખવાવાળા. Paralyzed. Gr. lyso to loosen.

Bore, v. લઈ ગયા. Carried.

Fleeting, a. ફાની, અડધી ઘડીનું. Transient.

Porch, n. દેવડી, ઝરૂખો. A covered walk at the entrance of the church L. porta a gate.

Nook, n. ખુણો. Corner.

Pavement, n. જમીન. Floor. L pavio to strike.

Streamed on, v. સીધી પ્રકાશી. Glittered on in a straight line.

Trembling, a. હીલતી. Flickering. L. tremo to shake.

Stifled, a. ગુંગળાતાં. દાબી રાખેલાં. Smothered.

Sob, n. ડચકો. Convulsive sigh in sorrow.

Sincere, a. ખરા, ગંભીર. Honest L. sine without and cera wax as pure honey.

The service done. ક્રીયા પુરી થઈને. Religious ceremony being performed.

Mourners, n. શોક પાળનારાઓ. Those who follow funeral in sorrow L. mœror mourning.

Called to mind. v. યાદ કીધું. Remembered.

Pensive, a. વિચારવંત. Thoughtful L. pendo to weigh.

Delicate, a. નાજુક. Weakly. L. *de* and *lacio* to draw gently.

Stealing. p.pr. હળું હળું પડતાં. Coming gently.

Linger, inf. ખોટી રેહેવાને. Tarry there. remain.

Loop-holes, n. ગાળાઓ. Apertures. small openings in the wall.

A whisper went about amongst the oldest, બુઢાઓમાં એવી વાત થઈ. The oldest talked.

In little knots, નાના ટોળાઓમાં. In little groups.

Glancing. p. pr. જોઈને. Looking.

The church was cleared of all, સઘળાઓ દેવળમાંથી ગયાં. All went out of the church.

Sexton, n. દેવળનો માણસ જેનું દેવળને લગતી ચીજને તપાસવાનું કામ. An underofficer of the church whose business is to take care of things belonging to the church L. sacer holy.

When the dusk of evening had come on, જ્યારે અંધારૂ થયું ત્યારે. When it was sunset.

Disturbed. v. ભાંગી. હરકત કીધી. Broke, L. dis and turba tumult.

Sacred, a. પવીત્ર. Holy. L. sacer holy.

Stillness, n. શાંતપણું. Quietness.

Poured in v. નાખ્યાં. Threw.

Monument, n. યાદગારી દાખલ ઘોરપરની નીશાન. Memorial L. moneo to remain.

Arch. n. મેહેરાપ. Curve of the wall.

Grave, n. ઘોર. Tomb.

Assurances, n. સાબેતીઓ. Evidences.

Immortality, n. અમરપણું. Deathlessness. L. in not and mors death.

Worldly hopes and fears, સંસારને લગતી આશાઓ અને ધાસ્તી. Worldly expectation and cares.

Humbled. v. ગરક થઈ જાય છે. Brought down to the ground. [and mitto I send.

Submissive, a. નરમ. Humble, gentle. L. sub

GRACE DARLING.

Light-house, n. દીવાદાંડી. A tower or a house with a light at the top to guide mariners at

night, L. lux light.

Bare, a. ખુલ્લાં. Open.

Desolate, a. ઉજ્જડ, એકાંત. Solitary, L. de and solus alone.

Stormy, a. તોફાની. Tempestuous.

(Was) wrecked, v. ભાંગી ગઈ. (Was) destroyed by coming upon rocks.

Wretches, n. કમનશીબ માણસો, દુઃખમાં આવી પડેલાં માણસો. Persons in distress.

Clung, v. વળગી રહ્યાં. Stuck, adhered.

Dawn, n. સવારને પોહોર. Day-break.

Slight maid, n. નાની કન્યા. Common maiden.

Descried, v. માલમ પડ્યાં, જોયાં. Discovered, beheld.

Fragment, n. ભાંગેલા ટુકડા. Remnant L. frango to break.

Wreck, n. ભાંગેલું વહાણ. Destroyed ship.

Prevailed upon. સમજાવ્યાં. Persuaded L. præ very and valeo to be powerful.

Rescue, ger. છુટકારો કરવાને. Deliver, save, L. re and quatio to shake.

Survivors, n. પાછળ જીવનાર. The rest who were alive, L. super and vivo to live.

Consumption, n. ખઈ. A disease in lungs, L. con and sumo, I take.

Gentle, a. ગરીબ, નરમ સ્વભાવનું. Mild L. genus race.

At duty's call, પોતાના કામે બોલાવી હોય ત્યારે. When called at her duty.

Unflinching, a. મજબુત, સ્થીર. Stanch.
Reared, v. ઉછેરેલી. Brought up, bred.
Lonely, a. એકાંત. Solitary.
Dwelling place. n. રેહેઠાણ. Abode.
Invincible, a. નહી જીતાય એવું. Unconquerable. L. in not and vinco I conquer.
Braves. v સામે થાય છે. Opposes.
Hostile elements. દુશ્મન. સામી બાજુવાળાઓ. Opposite party. foes. L. hostis an enemy.
Raged, v. જોસમાં હતા. Was furious. violent.
Ceased, v. બંધ થયું. Stopped.
As day broke, પોહો ફાટતાંજ. At dawn. at day break.
Misty, a ધુમસવાળું. Dim.
Espies, v. જોય છે. Beholds. sees L. specio to see.
Surf. n. દરીઆનો ઉછાળો જે ખડકપર પડે છે તે. The swell of the sea which breaks upon rocks.
Beating on, p. pr. અથડાય છે. Striking against.
Disastrous, a. સંકટમાં નાંખનાર. Calamitous. Gr. dis and aster a star.
Vanished, v. ગુમ થઈ ગયાં હતાં. Disappeared L. vanus empty.
Swallowed, p. p. ડુબી ગએલાં. Engulfed.
Striven, v. કોશેશ કીધી હતી. Tried.
In vain, ad. ફોકટ. To no purpose, L. vanus empty.
Thronged, v. એકઠાં થયાં હતાં. Gathered.

Refuge, n. આશ્રો. Shelter from danger. L. re and fugio to flee.

Sire, n. બાપ. Father.

Through, prep. મદદથી. By means of.

Optic glass, n. દુરબીન. Telescope. Gr. horao to see.

Discern, v. જોય છે. Perceive. see, L. dis thoroughly and cerno to perceive.

Precious a. કીમતી. Valuable, L pretium price.

Belike, ad. ઘણું કરીને. Probably.

Engulfed, p. p. ડુબી ગયલાં. Swallowed.

Agony. n. દુઃખ. Extreme pain. anguish. Gr. agon a contest.

Courage, v. હીમ્મત ધરો. Bebold L. cor the heart and ago to move.

Let us out to sea, ચાલો દરીઆમાં જઈએ. Let us go out to sea.

(May be) saved, બચે. Delivered.

Earnest. a. આતુર. Zealous, anxious.

Beaming. p. pr. તેજ મારતું. પ્રકાશતું. Glowing.

Dispel, v. દુર કરે છે. કાઢી નાખે છે. Clear off, banish L. dis and pello to drive.

Nor do they lack the noble-minded mother's helping hand, તેણીની માંએ પણ મદદ કીધી હતી. Nor were they without the assistance of the good tempered mother.

To launch the boat, પાણીમાં મછવાને હડસેલવાને. Put to sea.

Blessing, n. આશીરવાદ. .Benediction.
Inwardly, ad. અન્તઃકરણમાં In the heart.
Sustained, p. p. ટેકો આપેલો. Upheld L sub and teneo I hold.
Grasps, v. ધરેછે. Holds.
Oar, n. હલેસુ. A light pole with a flat end for rowing boats.
Struggling on, p. pr. અતિ શ્રમ લઈને. Making great exertions, making great efforts.
Elude, ger. ચુકાવવાને. Evade L. e and ludo to play.
Surmount. ger. નીભાવવાને. Overcome, L. super above and mons a mountain.
Billows, n. મોહોટા મોજા, છોળ. Large rolling waves.
Might. n. જોર. Force.
Tumult, n. તોફાન. Storm, voilent agitation with confused sounds, L. tumeo to swell.
Almighty's will, ઇશ્વરની મરજી. Wish of God.
Conscious, a. જાણીતો. Known L. con and scio to know.
Roused, v. જોસમાં આવ્યું હતું. Excited.
Fortitude, n. ધીરજ, હીમ્મત. Endurance L. fortis strong.
True to the mark, નીશાનની બરોબર બાજુમાં. Exactly in the direction of the sign.
Stem, v. સન્મુખ જાયછે. Oppose.

Current, n. પ્રવાહ. A running stream L. curro I run.

Perilous, a. જોખમ ભરેલું, ભય ભરેલું. Dangerous, L. periculum from experior to try.

Gorge n. ગોફ઼ા. A narrow passage among the hills and rocks L. gurges, a whirlpool.

Neared, v. નજદીક જઈ પોહોચ્યાં. Reached.

Danger becomes more imminent, ધાસતી અત્યંત નજદીક આવેછે અને ભય ભરેલી થાય છે. Danger becomes more threatening, L. in upon and mineo to project.

Rapture, n. ખુશી. Joy, delight, L. rapio to seize.

Incessantly, ad. વારંવાર Constantly, L. in and cedo I go.

Conflicting, p. pr. અફડાતી, લડાઈ કરતી. Struggling, L. con and fligo to dash.

Thrills, v. પ્રવેશ કરેછે, પેસેછે. Penetrates into.

Frames, n. શરીર. Bodies.

Dauntless, a. નિર્ભય. Fearless.

Energy, n. શક્તી, જોર. Power, force.

Foretaste, v. આગાઉથી તર્ક બાંધેછે. Anticipate.

Deliverance, n. છુટકારો. Safety, L. de from and liber free.

Perturbed, p.p. ગભરાયલાં. Disquieted, L. per, and turba a tumult.

Tossed, p. p. નાંખેલી. Flung, thrown, L. tundo to beat.

Guardian spirit, આશ્રા આપનાર ફ્રેશતો. A protecting angel.

Prolong, v. લંબાવવું. Lengthen. [drive.

Repel, ger. દુર કરવાને. Drive, L. re and pello I

Hazard, n. ભય. જોખમ. Danger, risk, L. azardum probably from as ace at cards.

Faced, p.p. સામે થયા. Opposed, resisted, withstood L. facio I make.

Mastered, p.p. આશા ન કીધેલી, જીતી. Overcome, L. magister a master.

Resolve, n. ઠેરાવ. Determination L. re and solvo to loose.

One breathing, અધ મુઆં. Any man who has a slight life in him

Crew, n. ખલાસી, Mariners, seamen.

Beach, n. કીનારો. Shore of the sea.

Fulfilment, n. સાર્થક. Accomplishment.

Exult, v. ખુશી થાવછે. Glory, L. ex out and salio to leap.

Wrought, p.p. કીધેલી. Made, worked.

Screaming, a. ચીચયારી પાડતો. Shrieking.

Sea-mews, n. દરીઆઇ જાનવર. Sea fowls.

Concert, n. આનંદ સ્તુતી. Praise, harmony L. con together with and sero to join.

Immortal, a. અમ્મર. Deathless, L. in not and mors death.

Attuned, p.p. બરોબર મેળવેલો. Made accordant with.

Pallid, a. ફીક્કા. Death-like; L. palleo to look pale.

Blended, p.p. ભેળાયલું. Mixed.

Beneath whose watch eye, જેની દેખરેખમા. Under whose control.

Resolute, a. દૃઢ વિચારનું. Firm, steadfast. L. re and solvo to loose.

Celestial, a. આકાશ પરનું. Heavenly. L. cœlum heaven.

Choirs, n. ભજન કરતી વખતે ગાનારી મંડળી. Body of singers, L. chorus from Gr. choros a dance in a ring.

THE FRIGATE-BIRD.

Frigate-bird, n. લડાઇના બારકસના જેવું પક્ષી. A species of bird enjoying superiority over his tribe.

Ocean eagle, n દરીઆઇ ગરૂડ પક્ષિ. A sort of rapacious bird, L. aquila crooked.

Winged, a. પાંખવાળા. Having wings.

Daring, a. બાહાદુર. Bold.

Navigator, n. નાવિક, સમુદ્ર ખેડનાર. One who directs the course of a ship, L. navis a ship and ago to conduct.

Furls, v. વિટાળે છે. Rolls a sail close to the mast and fastens it by cord.

Sails, n. સઢો. A cloth on the mast to receive impulse of wind by which a ship is driven.
Tempest, n. તોફાન Storm, L. tempus time.
Peril, n. જોખમ. Risk, hazard, L. periculum from experior to try.
Virtually, ad. ખરેખરૂં કેહવાકો તો. Really speaking, L. vir a man.
Basely, ad. ખુલ્લીરીતે. Openly.
Domestic. a. પાળેલો. Tame, not wild, L. domus a home.
Prodigious. a. વિસ્તાર. Vast, very great in size L. pro before and dic, show.
Pinions, n. પાંખો. The joint of a bird's wing remotest from the body L. pinna a feather.
Span, n. વિસ્તાર. Extention L. pando to extend.
Problem, n. પ્રશ્ન, સાખેતી. Question involving doubt and uncertainty, proof L. pro and ballo to cast or throw.
Solved, v. ખુલાસો કીધો. Explained. L. solvo to loose.
Overpassed, v. મુકી દીધો. Omitted.
Sustained, v. નીભાવેલું Supported. L. sub and teneo I hold.
Tranquility, n. અડચણમાંથી મોકળાપણું. Freedom from disturbance.
Poetic. a. કવિતા સંબંધી. Pertaining to poetry, expressed in poetry. Gr. poieo to make.

Metaphor, n. બેસરખી ચીજોનું અભેદ વર્ણન. Similitude in two things. Gr. meta over and phero to carry.

Exaggeration, સરસ. Examplification. extravagance, L. ex out and agger a heap.

To oar his way, પોતાનો રસ્તો કાપવાને. To cut his way.

Vanishes, v. દેખાતો નથી Disappears L. vanus, void from vaco to be empty.

Enroute, ad. રસ્તે. On the way, Fr angroot.

He may continue his progress, આગલ ચાલતો જાય. He may proceed further and further L. pro and gradus a step.

Uninterruptedly, ad. કંઈબી દરકત વગર. Continuously, L. un not. inter between and rumpo I break.

Reposing, ger. આરામ લેવાને. Resting L. re and pono I put.

Motionless, a. સ્થીર. Being at rest. L. moveo I move.

Which takes upon itself જે પોતા ઉપર ખેંચેછે. Sustains, holds the burden of, undertakes.

Weariness, n. થાક. Fatigue.

Cradle, ger. આરામ આપવાને. Quiet. rest, L. crates, wicker.

Glowing, a. ચળકતો. Shining.

Azure, n. આસમાની રંગ Fine blue colour.

Tropics, n. ઉષ્ણ કટિ બંધ. Torrid zone Gr. trepo I turn.

Incredible, a. નહી માન્યામાં આવે તેવું. Too improbable to admit of belief, that can not be believed. L. in not and credo I believe.

Altitudes n. ઉંચાઈ. Heights, L. altus high.

Imperceptible, a. નહી દેખાય એવું. Invisible, that can not be seen. L. in not. per through and capio I take.

Dim, a. ધુમસવાળું. Faint, misty.

Remoteness n. છેટું, અંતર. Distance L. re and moveo I move.

Triumphantly, ad. જયવંત રીતે. Victoriously, with success L. triumphus, triumph.

Sweeping. p. pr. સપાટા બંધ ચાલી જતું Passing over swiftly.

Solitary, a. એકલું. Lonely L. solus, alone.

In easy grace, ઘણી સેહેલાઈથી. Very easily, with ease.

Exceedingly, ad. ઘણુંજ. Very much L. ex out of and cedo I go.

Perch. v. બેસેછે. Sit as birds. L pertica a pole or a long stick.

Formidable a. ભયંકર, બીહામણું. Fearful L. formido to fear.

Beak, n. ચાંચ. Bill.

Talons, n. પંજા. Claws of a bird.

Corsair. n. દરીઆઈ ચોર. Pirate. L. curro I run.

Superb, a. ઉમદા, સરસ. Splendid, rich L. super above.

Apparatus, n. સાંચા કામ. Machinery L. ad and paro to prepare.

Embarrassment, n. ગભરાટ. Hindrance, obstruction. Fr. em and barre a bar.

Promontory, n. સમુદ્રમાં ગયેલી જમીનની અણી. A part of the mountain projecting into the sea L. pro and mons a mountain.

Surprised, p. p. ઘેરઈ ગયેલા Seized upon; fallen upon suddenly, L. super and prendere to seize.

Reef, n. રેતીનો કીનારો. A range of sand banks or rocks lying at or near the surface of the water.

Halts, v. મુકામ કરે છે. Stops.

Admirable, a. અજાયબ જેવું. Wonderful L. ad and miror to wonder.

Utility, n. ઉપયોગ. Usefulness, L. utor to use.

Skimming, ger. ધીમે ધીમે જતા રેહેવાને. Gliding lightly on the surface.

Incessantly, ad. વારંવાર. Frequently, L. in and cesso to cease.

Prolific, a. ફળવંત. Fruitful, L. facio to make and proles offspring.

Engulf. inf. ડુબાવવાને. Swallow.

Precarious, a અનિશ્ચિત. Uncertain, L. precor to pray.

Ingenuity, n. ચાલાકી, યુક્તી. Skill, acuteness, L. in and gigno to beget.

Create, ger. કરવાને. Make, produce, L. creo, I create.

Purveyor, n. ખોરાકી પુરી પાડનાર. One who provides victuals.

Ignoble, a. હલકી Mean, base, L. in not and gnosco I know.

Resource, n. ઉપાય, ઈલાજ. Expedient contrivance L. re and surgo to rise.

Timorous, a. બીકીકણું. Cowardly, L. timor fear.

Nŏddy, n. એક જાતનું દરીઆઈપક્ષી. A sea-fowl.

Fisher, n. માછલા પકડનાર. One who catches fish.

Dimensions, n. કદ. Size L. dis and meteor to measure.

Constrains, v. ફરજપાડેછે. Compels, forces. L. con and stringo to bind.

To yield up his prey, પોતાના ખોરાક તરી કે જે આણ લાગ્યો હતો તે ચીજ આપવાને. To give up what he brought as his food.

A MOTHER'S LOVE.

Enkindled, p.p. સળગેલાં. Inflamed.

Mould, n. આકાર. Form, shape, L. modus measure.

Bring to light, બુદ્ધિમાં લાવવાને. To bring him to senses.

Forlorn, a. નીરાધાર. Helpless.

Existence. n. જીંદગી. Life, L. ex and sisto to stand.

Cherish. inf. પોષણ કરવાને. Support, maintain.

Fountain, n. ઝરો, ફુવારો. Spring L. fundo to pour.

Dull to rest, ગીત ગાઈને બચ્ચાંને સુવાડવાને. To cause a babe to sleep by singing a lullaby. L. lallo to sing lullaby from the sound.

Slumbers. v. સુએછે. Sleeps.

Breath. n. દમ. Respiration from the lungs.

Instant. a. તરતનુજ. Immediate, L. in and sto to stand.

Mark its growth, તે દહાડે દહાડે વધે છે તે ધ્યાનમા રાખ-વાને. To notice that it is advancing in age.

Opening charms, ખીલતું જોબન. Blooms in the beginning of life.

Admire, inf અચરત થાયછે, ઘણુ ચાહેછે. Wonder at, L. ad and miror to wonder.

Catch from its eye. તેના નેણમાંથી પારખવાને. Find out from its eye.

The earliest ray of intellectual fire. ખીલતી અક્કલ-ની નીશાન. The earliest sign of awakening intelligence.

Intellectual. a. બુદ્ધીનુ, જ્ઞાનસંબંધી. Mental. L. inter and lego to choose.

Lend a finger, આંગળાનો ટેકો આપી ચાલવામાં મદદ કરવાને. Assist it in walking by giving it a finger.

Grow cold. નાબુદ થાયછે. Disappear.
Innocence, n. નિષ્કપટ. Simplicity L. in not and noceo to hurt,
Devour. v. ખાઈ જાયછે. Consume, swallow up, L. de and voro to swallow.
Clasp, v. છાતીમાં દાબેછે. Embrace.
Yearn, v. ટળવળ થાયછે, આતુર થાયછે. Long.
Remember, v. યાદ કરો. Recollect, L. re and memor mindful,
Reared, p.p. પાળેલું, ઉછરેલું. Trained, brought up.
Blest, a. આશીરવાદ દીધેલો. Wished happiness to
Dawning. a. ખીલતો. Opening.
Eternity, n. હવે પછીનો વખત. Futurity, L. eternus from Gr. aion a space or period of time.
Path, n. રસ્તો. Way.
Trod, p.p. ચાલેલો. Walked. [flee.
Flee, inf. દૂરકરવાને. Shun, avoid, L. fugio to
Wrath, n. ગુસ્સો. Anger.
Enjoy, v. ભોગવો, મોજકરો. Delight in.
Prime, n. જુવાનીના દીવસો. Early days. L. prior former.

NELSON AND HARDY.

The life of Nelson abounds with illustrations, નેલસનની ઝીંદગી જાણવાજોગ દાખલાથી ભરપુર છે. There are plenty of noteworthy examples in the life of Nelson.

Illustrations, n. દાખલાઓ. Examples L. in and lucco to shine.

Naval, a. વાહાણના કાફલા સબંધી. Marine, pertaining to ships L navis a ship.

Daring. n. જોખમ ભરેલું સાહસ કામ. Hazardous attempt.

Historian n ઈતિહાસ લખનાર. A writer of history L. historia, history.

Achievements, n. પરાક્રમ, સાહસકામ. Exploits, undertaking.

Interesting, a. રસીલી, રમુજી. Amusing L. inter between and esse to be.

Affection, n. પ્યાર, ચાહ. 'Love, attachment L· ad to and facio I make.

Immediate, a. નજદીકના. Nearest L. in and medio to halve.

Devoted, a. મજબુત, અંતઃકરણનું. Strong. zealous L. de down and voveo to vow.

Attachment, n. પ્યાર. Love, affection L. ad to and tango to touch.

Inciting. a. ઉત્તેજન આપનારૂં. Instigating L. in and cieo to move.

Display. n. દેખાવ, ખુલ્લુ કીધેલું. Manifestation L. dis and plico to fold.

Unwonted, a. અસાધારણ. Unusual.

Gallantry, n. બાહદુરી. Bravery.

Commodore, n. વાહાણના કાફલાનો અધીકારી. Commander of a squadron detached from the

fleet. the rank next below rear admiral L. con together. manus the hand and do I give.

Pendant, n. વાવટો. Banner, L. pendeo to hang.

Hoisted. v. ચઢાવેલો હતો. Raised, lifted up. L. altus high.

Fleet, n. દરીઆઈ કાફલો. A squadron of ships.

Frigate. n. લઢાઇનું બારકસ. A ship of war.

Anchorage, n. લંગરની જગા. A place where a ship rides at anchor, L. ankora from Gr. angkas a bend or a curve.

Gaining on the frigate, બારકસની નજદીક આવવું. Reaching the frigate.

Action, n. લડાઈ. Battle L. ago I do.

Hazardous, a. જોખમ ભરેલું. Perilous.

Probability, n. સંભવતા. Likelihood, L. probo to try.

Engagement, n. લડાઈ. Battle, conflict.

Hero, n. બહાદુર, શુરો. A chief, a man of distinguished valour.

Bunting, n. જુદા જુદા રંગનું કપડું જેના વાહણના વાવટા બને છે તે. Woollen stuff of different colours of which flags and signals are made.

Struggle, n. લડાઇ, ટંટો. Conflict.

Give up, v, છોડી જવાને. Abandon.

I will run her ashore, હું તેને કીનારે જલદી લઈ જઈશ. I will take her quickly to the shore.

Taking a view of, જોતો હતો. Seeing.

Chasing, a. પુઠે લાગેલાં. Pursuing, L. capio I take.

Observed, v. વીચાર આપ્યો, ટીકા કીધી. Remarks L ob and servo I keep.

Dinner was announced, ખાનું તૈયાર થયાની ખબર આપી. It was proclaimed that dinner was ready. L. ad to, nuncio I announce.

Studding sails, સડની ઉપરના સઢ જેમાં પવન વધારે ભરાય છે તે. Sails set outside the principal sails to catch as much wind as possible.

Congratulating, v. મુબારક બાદી આપતા હતા. Complimenting. L. con, and gratus grateful.

Disorder. n ગભરાટ. Confusion. [to run,

Occurred, v. બન્યું. Happened, L. ob and curro

Stern. a. વાહણના પાછલા ભાગની. Belonging to the hind part of the ship.

Unfortunate a. કમનસીબ. Unhappy L. un not and fors fortis chance,

Jolly-boat n. વાહાણને લગતો નાનો મછવો. A small boat belonging to a ship rowed by five or six oars. (a corruption of Yawl-boat.)

Elapsed, v. વહી ગઈ. Passed, L. e and labor, lapsus to slip, fall.

Astern, ad. વાહણના પાછલા ભાગ આગલ. At the hinder part of the ship, backward.

Recover, inf. બચાવવાને. Rescue, restore.

The man was given up as lost, તે માણસની આશા સૌ લોકોએ છોડી. The man was cnosidered to

be dead ; every man abandoned hopes of his being in existence.

Situation, n. હાલત. Position, L. sto to stand.

Extremely, ad. અત્યંત, બેહદ. Highly, exceedingly, L. exter outward.

Fast, a. જલદી, ઉતાવળ. Quick.

Which had approached within gun-shot, જે એટલું તો નજદીક આવ્યું હતુ જેમાં બંધુકની ગોળી જઇ શકે. Which had come to such a distance that a shot of a gun can reach it.

Pulled might and main, બહુજ મેહેનત કીધી. Exerted much.

Might and main, જોર. Force, strength.

Regain, ger. પોંહોચવાને. Reach.

Apparently, ad. ખુલ્લીરીતે. Evidently, L. ad, and pareo to appear.

Crisis, n. અણી પર આવેલો વખત. Critical juncture, L. crisis, judgment.

Casting, p pr. નાખીને. Throwing.

Companions, n. સાથીઓ. Mates, L. con ; and pagus a village.

Mizzen-top sail, n. વાહાણની પાછલી બાજુની નજદીકનો કુવાનો સડ. The sail on the top mast nearest the stern.

Retarded, v. ધીમી કીધી. Impeded, made slow, L. re and tardo to make slow.

Spirited, a. બહાદુર. Bold, L. spiro to breathe.

Manœuvre, n. યુક્તિ, હિકમત. Stratagem, L. manus the hand and opera work.

Exertions, n. પ્રયત્ન, મેહેનત. Efforts, endeavours, L. ex and sero to sow.

Inevitable, a. અનિવાર્ય. Unavoidable, certain, L. in not, e; and vito to shun.

Confounded, p.p., ફસી પડેલાં, ગુચવણુમાં પડી ગયેલાં. Baffled L. con; and fundo to pour.

Construed, v. સમજ્યા. Interpreted, taken L. con, and struo to build.

Challenge, n. યુદ્ધ કરવાને બોલાવવું. Defiance L. calumnia an action at law in which one tried to prove in due form that something was his own.

Conceiving, p. pr. વીચાર કરીને. Thinking L. con and capio I take.

Suddenly, ad. એકાએક. Unexpectedly..

Consort, n. તેની સાથનું વાહણ. A partner, A ship keeping company with other, L. con and sors a lot.

Afforded, v. આપ્યું. Gave.

Satisfaction, n. ખુશી, આનંદી. Pleasure L. satis enough and facio to make.

Dastardly, a. હીચકારો, બીકીકણુ. Cowardly.

Wake, n. , પાછળ. Rear; properly the streak of smooth water left in the track of a ship.

Steering, ger. વાહાણુ હાંકીને. Sailing.

We lost sight of him. તે નજર આગળથી ગુમ થઇ ગયો. He disappeared from our view.

Win, ger. મેળવવાને. Gain.

Laurels, n. એક ઝાડની ડાળીઓ જેનું તાજ કરી જેને જય મેળવ્યો હોય તેને માથે ઘાલવામાં આવેછે. The bay tree used in ancient times in making garlands for victors, L. laurus a. bay tree.

THE SPANISH CHAMPION.

Warrior, n. લડવૈયો. A good soldier.

Crested, a. તાજદાર. Adorned with a plume.

Tamed, v. પીગળાવી નાખ્યું. Made gentle, melted.

Sued, v. અરજ કીધી, કરગરીને કહ્યું. Entreated, L. sequor I follow.

Haughty, a. મગરૂર. Proud, L. altus high.

Free, ger. છોડવાને. Liberate.

Long-imprisoned, a. લાંબી મુદતનો કેદ થયેલો. Confined for a long time, L. in into and prendo to take.

Sire, n. બાપ. Father.

Fortress. a. કીલ્લાની. Of a stronghold, castle, L. fortis, strong.

Captive, a. ગુલામ કીધેલા. Enslaved, L. capio I take.

Train, n. નોકરો. A number of attendants, L. traho I draw.

I pledge my faith, હું જામીનમાં મુકું છું. I give as security of good faith.

Liege, n. રાજા. Sovereign.
Ransomed, a. દંડ આપી છોડવેલો. Redeemed, L. re and emo to buy.
Steed, n. ઘોડો. Horse.
Lightly, ad. ધીમેથી. Gently.
Loyal, a. વફાદાર. Faithful, L. lex a law.
Bounded, v. કુદ્યો. Leapt.
Urged, v. ફરજ પાડી, તાકીદ કીધી. Pushed pressed to do work, L. urgeo to press.
Lance, n. ભાલો. A spear.
Charger's, n ઘોડાના. Steed's, horse's
Stately, ad. ભપકાદાર. Pompously.
In very truth, ખરે ખાતર. In good sooth.
Pressed, v. આગળ ધસ્યા. Pushed with force.
Glittering, a. ચળકતાં. Sparkling.
Band, n. ટોળી. A gang of soldiers.
Grateful, a. ઉપકારી. Thankful, L gratus thankful.
Yearned, v. ઇચ્છ્યું. Longed.
Chieftain, n. સરદાર. Leader, captain.
Dismounting, p. pr. ઉતરીને. Alighting from the horse, L. dis and mons a mountain.
Lead, n. સીસું. A well known heavy metal.
Waved, v. ઉડતું હતું. Moved.
Plume, n. પીછાં. Feather L. pluma the dawny part of a feather.
Sprang, v. કુદકો મારી ઉઠ્યો. Bounded with start.
Horror, n. દીલગીરી. Repugnance.

Amaze, n. અચંબો. Astonishment
Chained. v. બેડી ફેકી કેદ કર્યો હતો. Captured him by applying chain to him.
Stricken, v. જતું રહ્યું હતું. Gone.
Murmured, v. બોલ્યો. Uttered gently.
Glorious, a. ભારે. Splendid. L. gloria glory.
Renown, n. નામદારી. Celebrity, L. re and nomen a name.
Flung v. નાંખી દીધી. Threw.
Falchion, n. નાની તરવાર. A short crooked sword L. falx a sickle.
Steel-gloved, a. પોલાદથી ઢંકાયલું. Covered over with steel armour.
Mournful, a દીલગીરી ભરેલું. Sorrowful.
Betrayed. v. દગો દીધો. વિશ્વાસ ઘાત કીધો. Deceived, L. tradere to deliver up.
Loveliness, n. સુંદરતા. Beauty.
Monarch's, n. રાજાની. King's, Gr. monos alone. and arche rule.
Wildered, a. ગભરાયલા. Perplexed.
Courtier, a. દરબારી માણસની. Knigtly. L. cohors a cohort from Gr. chortos an inclosed place.
Over mastering. અત્યંત જોરથી. Overpowering.
Sternly, ad. કરડા પણા રીતે, આકરી રીતે. Austerely.
Pledge, n. વિશ્વાસ. Faith, word.
Perjured, a. આગળથી કસમ ખાધેલા. Forsworn. L. per and juro I swear.
Ire, n. ગુસ્સો. Anger.

Strove, v. મેહેનત કીધી. Laboured hard, struggled
Loosed, v. છોડી દીધી. Freed from his grasp.
Slack, a. ધીલો. Not hard.
Troubled, a. ગભરાયલો. Disturbed. perplexed.
His hope was crushed, તેની આશા ભંગ થઈ ગઇ. His hope was frustrated.
Martial, a. લડાયક. Warlike L. Mars god of war.
Strain, n. વખાણ. Pursuit.

THE CHEMISTRY OF A CANDLE.

PART I.

Favourite, n. માનીતો. One greatly beloved, one who is in favour of another L. faveo to befriend.
You put a candle out, મીણબતી બુજવી નાંખોછો. You extinguish.
Extinguisher. n. દીવો હોલવનારૂં ચોકળ નાનું વાસણ. Cap, L. ex out and stinguo to scratch out.
Rogue. n. લુચ્ચો. Rascal.
Oxygen, n. એકજાતની હવા જે ઝીંદગી આપનારી હવાનો એક ભાગછે. An elementary gaseous substance forming the vital part of atmospheric air; Lit; acid producing because it was formerly supposed to be an essential element of all acids Gr. oxys sharp and gennao I produce.

Institution, n. સ્થાપના. An establishment L. in and sto to stand.

Observed, v. ટીકા કીધી. Remarked L. ob and servo I keep.

Lectures, n. ભાષણો. Methodical discourse intended for instruction L. lego to read.

Chemical. a. રસાયણ શાસ્ત્ર સંબંધી. Pertaining to chemistry Gr. cheo to pour.

Comical, a. હસાવે એવું. Funny, L. comicus relating to comedy.

Attended, v. જઇ અને લક્ષ દઇને સાંભળ્યું. Was present at and paid attention to, L. ad to and tendo to stretch.

Troublesome, a. કંટાળા ભરેલાં. Tiresome.

Mantle-shelf, n. કાંઇ મુકવાને વાસ્તે લાકડાનો તથા પથ્થરનો જે ભાગ ચુલાની આગળ કાઢવામાં આવે છે તે. The work over a fire place in front of the chimney.

Commenced, v. શરૂ કીધું. Began, L. con and initio to begin.

Melted, a. પીગળેલું. Dissolved.

Rim, n. કોર. Edge, border. [I do.

Exactly, ad. બરોબર. Precisely, L. ex and ag

Tiny, a. બારીક, નાહના. Very small, little.

Pores, n. નાકા, કાણાં. Passages, L. porus from Gr. piero to pierce.

Sucking, ger. ચુસી લેવાને, સોષી લેવાને. Imbi bing, absorbing.

Sponge, n. વાદળું, A soft porous substance which imbibes liquids and by compression gives them out again.

I will blow the candle out, હું મીણબતી બુજાવી નાખીશ. I will extinguish it.

Vapour, n. હવા. Gas. L. vapor steam.

Curious, a. અજાયબ જેવું. Strange, L. cura care.

Splendid, a. શોભીતું. Grand, L. splendeo to shine.

Shelter, inf બચાવવાને. Protect.

Draught, n. હવાનો જોસ Air-current.

Peak, n. અણી. Point, end of anything.

Chimney, n. ધુમાડીઉં. Smoke-vent L. caminus an oven.

Dip, બોળો. Plunge under water.

Mixture, n. મેળવણી. Union.

Bang, n. જોસ અવાજથી. Sound.

Juvenile, a. જુવાન. Youthful, L. Juvenis young.

Answered, v. જવાબ આપ્યો. Replied.

Properly, ad. બરોબર રીતે. Rightly.

Peel, n. છાલ. Skin.

Noddle, n, માથું. Head.

Contrary, a. ઉલટુંજ Reverse, opposite, L. contra against.

Scorched, v. બળીને-કાળુ થઇ ગયેલું. Blackened.

Dirtied, v. બગડી ગયેલું. Spoiled.

Singed, v. બળી ગયેલું. Burnt.

Remarked, v. વીચાર આપ્યો, ટીકા કીધી. Observed.
Proceeded, v. આગળ બોલ્યો. Continued, L. pro and cedo to go.
Enough, a. પુરતી. Plenty, sufficient.
Goes out v. બુઝાઇ જાયછે. Is extinguished.
Clumsy, a. બેડોલ, જાડું. Coarse.
Neat, a. સાફ કીધેલું. Refined, clean
Continued, v. આગળ બોલ્યા. Proceeded, L. con and teneo to hold.
Consuming, ger. ચુસી લઇને. Absorbing.
Charcoal, n. કોલસા. The residue of many mineral substances when heated to redness in close vessels.
Carbon, n. કોયલાનું તત્વ. Pure charcoal.
Chemists, n. રસાયણ શાસ્ત્ર જાણનાર. One versed in chemistry, Gr. cheo to pour.
Separates, v. છુટાં કરેછે. Disjoins, L. se apart and paro to place in order.
Brightness, n. ચળકાટ. Brilliancy.
Solid, a. ભટ. દલદાર. Substantial.
Dense, a. જાડી. Thick, L. densus thick.
Necessary, જરૂરનું. Essential, L. ne not and cedo to yield.
Resumed, v. પાછું બોલવા લાગ્યો. Began to speak after interruption. L. re and sumo I take
Hydrogen gas, n. A kind of gas, literally water producing gas. પાણી ઉત્પન્ન કરનારી હવા. Gr. hydor water and gennao to produce.

Quicklime. n. કળીચુનો. Any calcareous substance deprived of its carbonic acid by the action of intense heat.

Dazzling p. pr. ઝાંખવી નાખવું, અંધારા કરી નાંખવા. Blinding.

Turpentine. n. એક જાતનું આગ લાગે એવું તેલ. A kind of dangerous oil.

Beautiful, a. સુંદર. Lovely.

Directly, ad. તરતજ. Immediately, L. dirigo from di and rego to rule.

Classics. n. ગ્રંથ. Books.

THE CHEMISTRY OF A CANDLE.

PART II.

Pursued, v. આગળ બોલ્યા. Continued, proceeded. L. pro and sequor to follow.

Soot, n. મેસ, કાજળ. A black substance formed by combustion rising in fine particles and adhering to the sides of the chimney.

I would rather be excused. હું આશા રાખુંછું જે તમો મને માફ કરશો. I wish I would be pardoned, L. ex and causa a cause.

Suppose, v. એવું ધારોકે. Assume L. sub and pono I put.

Collecting, ger. એકઠા કરવાની Gathering L. con and lego to gather.

It turns out to be really water. તે ખરેખરજ પાણી થઈ જાય છે. It really becomes water.
Joking. v. મશકેરી કરવી. Making fun L. jokus a jest.
Frosty weather. ઝાકળીયા રૂતુ. Chilly season.
Freezes, v. બંધાઇ જાય છે. Congeals.
Exclaimed. v. બોલી ઉઠ્યો. Ejaculated L. ex and clamo I shout out.
Riddles, n. ઉખાણા. Conundrums, ambiguous propositions.
I am no hand at riddles, હું ઉખાણાં પારખતા જાણતો નથી. I am not versed in solving conundrums.
Give it up, સમજાવો. Explain.
Obtain. v. મેળવી શકીએ છીએ. Get, procure, L. ob and teneo I hold.
Gun-barrel, n. નળી. A pipe of the gun..
Quantity, n ભાગ. Portion. L quam to what a degree.
Turnings, n. ધાતુને ઘસવાથી જે ભુકો પડે છે તે. Filings.
Balloon. n. હવાઇ ફાનસ. A large hollow bag filled with gas so as to make it rise and float in the atmosphere, Fr. balle a ball.
Ceiling, n ભારોટીઆ. Inside roof
Soap-bubbles. n. સાબુના ફીણના પરપોટા. Fluid of soap inflated with air.
Curious. a. અજાયબ જેવી. Wonderful, strange. L. cura care. [nary.
Wonderful, a. ચમત્કારી, અજાયબ જેવી. Extraorip-

Blazes up. v. સળગેછે. Flames.

Consumed, v. તદ્દન બળી જાયછે. Burnt completely. L. con and sumo I take.

Sparks, n. ચીણગારી. Small glittering particles of fire which fly off with a crackling sound from bodies when burning, L. spargo I scatter.

Phosphorus, n હવામાં ખુલ્લો મુકવાથી જલદી સળગી ઉઠે એવો પદાર્થ છે. A combustible substance which burns in common air with great rapidity.

Dazzle, v. આંખથી નાંખેછે. Dim or blind by a glare of light.

Experiment, n. અખતરો. Operation to discover some unknown truth, a trial, L. experior to try.

Beats,. v. સરસ થાયછે. Excels.

Funny, a ચમત્કારિક. Comical.

United, p. p. જોડાયલી. Joined. L. unus one.

Grate, n. આગીની સગ . Fire place.

Increasing, p. pr. વધારીને. Augmenting. L. in and cresco to grow.

Combustion, n. આગ. Conflagration, L. con and uro to burn.

Nitrogen, n. એક જાતની હવા જે મનુષ્યની ઝીંદગીનો નાશ કરેછે. Lit. nitre producing gas. An elementary gas forming about fourfifths of the atmosphere. It is incapable of supporting life. Gr. nitron saltpeter and gennao to produce.

Prevents, v. અટકાવ કરેછે. Hinders.
Considerable, a. અત્યંત. Important, L. con and root sid to perceive.
Obligations, n. આભાર. Indebtedness. L. ob and ligo to bind.
Explained, v. સમજાવ્યું. Expounded L. ex and planus even.
Mingle v. ભેળાઇ જાયછે. Mix.
Destructive, a. નાશ કારક. Injurious, L. de and struo to build.
Breathe, v. દમ લઇએ છીએ. Exhale.
Support, ger. ટેકો આપવાને. Maintain, L. sub and porto to carry.
Seniors n. બુઢાઓ. Old folks, L. seneo to be old.
Deserve, v. લાયક છો. Merit, are worthy of L. de and servio to serve.
Encouraged, ger. ઉત્તેજન આપવાને. Stimulated.

THE PARTING OF MARMION AND DOUGLAS.

Far advanced was morning day. સવાર વીતી ગઇ હતી. It was past morning, L. ad and venio I come.
Array, v. ગોઠવ્યાં. Arrange.
Safe-conduct, n. અભય પત્ર, કોલ. A pass warrant, that which gives a passage L. con and duco I lead.

Royal seal and hand. રાજ્ય સીક્કો અને સહી. Signed by the king and sealed.

Guide, n. ભોમીઓ. A person who leads another in his way.

Stately, a. પાદશાહી. Lofty, according to high rank, L. sto I stand.

Palfrey, n. ઓરતોને વાસ્તે ટટ્ટુ. A small horse for a lady. Lit a spare or extra horse.

Whispered, v. બોલ્યો. Muttered.

In an under tone, ધીમે સાધે. Slowly.

Hawk, n. એક ફાડીખાનારૂં પક્ષી. A rapacious bird.

Stoop, inf. નીચે વળવું. Bend.

Adieu, n. છેલ્લી સલામ. Farewell.

Plain, v. ફરીયાદ કરૂં. Complain.

Cold, a. બે દરકાર રીતે આપેલું. Indifferent.

Behest, n. હુકમ. Order, command.

Stayed, v. થોભ્યો. Stopped.

Friendship, n. સલાહ સંપજ. Amity.

Receive, v. કબુલ કર. Accept, L. re and capio I take.

Manors, n. જમીન. Lands belonging to a lord or nobleman for the use and subsistence of his family, L. maneo I remain.

Bowers, n. વજીફા. Gardens.

Sovereign. n. રાજા. Monarch, L super above.

Lists, v. પસંદ કરેછે. Chooses.

Unmeet, a. યોગ્ય નહી, લાયક નહી. Not fit.

Peer, n. બરોબરીઓ. Equal, L. par, equal.

Turret, n. મીનારો. A small tower, L. turris a tower.

Foundation, n. પાયો. Basement, L. fundus the bottom of any thing.

Clasp. v. દાબસે. Hold fast.

Swarthy, a. ફીક્કાં, ઝાંખા. Tawny.

Shook, v. ધ્રુજાવ્યું. Agitated.

Frame, n. શરીર. Body.

An. conj. અગરજો. If.

Hoary, a. ધોળી. Greyish; white with age.

Cleave, inf. છુટું પાડી નાંખવાને. Sever.

Such hand as Marmions had not spared to cleave the Douglas' head, મારમીઅને દોગલાસનું માથું છુટું પાડવાને કાંઈ પણ આચકો ખાધો ન હતો. Marmion would have certainly severed Douglas' head.

Haughty, a. મગરૂર. Proud.

Mate, n. સાથી. A companion.

In thy pitch of pride, અત્યંત મગરૂરીમાં. In the greatest pride.

In thy hold, તારા કબજામાં. In thy possession.

Vassals, n. જાગીરદારો. Liegemen.

Thou art defied, તારી સાથે લડાઇ કરવા માંગેલી છે. Thou art dared or challenged L. dis and fido I trust.

The flush of age overcame the ashen hue of age, તે એટલો તો ગુસ્સામાં આવ્યો કે જેથી તે પોતે બુઢો

છે એ વીસરી ગયો. He was so much excited with anger that he forgot his old age.

Overcame, v. હરાવ્યું, દાબી નાખ્યું. Subdued.

Ashen, a. એક જાતના ઝાડને લગતું. Pertaining to ash which is a kind of tree the wood of which is used where strength is required.

Broke forth, v. એકાએક બોલી ઉઠ્યો. Exclaimed suddenly.

Beared. inf. ખેંચવાને. Pull.

Den, n ગુફા. A cave.

Unscathed, a. કાંઇપણ ઇજા વગર. Unharmed, without molestation.

Drawbridge, n. ઘરની નજદીક એક જાતનો પુલ જે કામ પડે તે વખતે ઊંચકવામાં આવે અને પાછો નાંખવામાં આવે. A bridge in ancient times formed for the purpose of admitting or hindering by being raised up or let down as occasion requires.

Warder, n. ચોકીદાર. A guard.

Portcullis, n. ઊંચકાય એવો દરવાજો. A sliding gate formed of iron cross bars suspended in the gateway of a castle, when the chains on which it was hung were let loose it fell by its own weight.

Dashed, v. ભોક્યાં, ખોસ્યાં. Pierced, pushed.

Rowels, n. સ્વારના બુટની બાજુએ જે આર આવે છે તે. Spurs.

Ponderous, a. વજનદાર. Weighty. L. pondero to weigh.

Scanty. નાની કમ Little.
Raged, v. જમીન દોસ્ત કરી નાંખ્યું. Levelled, L. rado to scratch.

THE MAY FLOWER.

Stands, v. આવેલું છે. Is situated.
Grave, a. જ્ઞાની, વિદ્વાન. Sage. L. gravis heavy.
